**એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ**
(અગાઉ એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી)
**નોંધણીકૃત કાર્યાલયઃ** એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમની નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ - 400 098
CIN No.: L67120MH2008PLC181833
**શાખા કાર્યાલયઃ** રાજકોટ
**અધિકૃત અધિકારીઃ** (1) દિલીપ મિશ્રા (7575021496) અને (2) સંતોષ તિવારી (9920490126)

L&T Finance

**માહિતી કમ નિકાલ અંગે સૂચના**

એલ&ટી ફાઈનાન્સના અધિકૃત અધિકારી દ્વારા ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)ને અત્રે સરંક્ષિત મિલકતની સૂચનાથી અસ્થાવર અસ્કયામતો કાઢવાની જાણકારી આપવામાં આવે છેઃ **1) ઉદય માનબહાદુર ઓળી, 2) ક્રિશ્ના કિશોરભાઈ કોઠારી** જે **એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ** પાસેથી લીધેલ લોનસંબંધમાં છે.

કથિત મિલકતનો પ્રત્યક્ષ કબજો લેવાસમયે અમુક અસ્થાવર ચીજો કથિત સુરક્ષામાં અધિકૃત અધિકારીને મળી આવી હતી. આરપીએડી દ્વારા ઋણદાર / સહ–ઋણદારને આરપીએડી દ્વારા ઉપલબ્ધ / છેલ્લે જ્ઞાત સરનામે સરંક્ષિત મિલકતમાં રહેલ ઈન્વેન્ટરી, જંગ મ, વસ્તુએ જમા કરવા / કાઢવા તમે જાણકારી આપવા તારીખ **15મી ફેબ્રુઆરી 2025** અને **11મી માર્ચ 2025ના** નોટિસો મોકલવામાં આવી હતી. આથી આ સૂચના થકી અમે અત્રે **28મી એપ્રિલ 2025નો** રોજ અથવા પૂર્વે સવારે 10.30થી બપોરે 2.00 દરમિયાન આવશ્યક દસ્તાવેજ પુરાવા આપીને **એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ**ના અધિકૃત અધિકારીની હાજરીમાં અને સંમતિ સાથે ગિરવે મૂકેલી મિલકતની અંદર રહેલી સર્વ ઈન્વેન્ટરીઓ, જંગ લ વસ્તુઓ, ચીજો અને દસ્તાવેજો કાઢી લેવ ઋણદાર / સહ–ઋણદારને આખરી જાણકારી અત્રે આપવામાં આવે છે. કૃપા કરીને ધ્યાનમાં લો કે જો તમે નિર્ધારિત તારીખ અને સમયે હાજર નહીં રહ્યા અને ઈન્વેન્ટરીઓ કાઢી નહીં લીધી હોય અમે તમારા ખર્ચે અને જોખમે બળપૂર્વક તે કાઢી લઈશું અને તેનો નિકાલ કરીશું.અત્રે સામાન્ય જનતાને સૂચના આપવામાં આવે છે કે નિમ્નલિખિત વિવરણો કીજંગમ ચીજો ઉલ્લેખિત તારીખે વેચાણમાં આવશે અને ઓફર મોકલી શકો છો.

**મિલકતની વિગતો– શહેર સર્વે વોર્ડ નં. 16, શહેર સર્વે નં. 2478/p, સર્વે નં. 867/p શાહીગ્રામ નિવાસ, જૂના પ્રદ્યુમન નગર, થાણા દેવળી ઉતારા બંધ માર્ગ , નવી કલેક્ટર કચેરીની બાજુમાં, શ્રોફ રોડ, જામ ટાવરની બાજુમાં, ગેલેક્સી હોમ્સની સામે, રાજકોટ, ગુજરાત**

**અકાઉન્ટ નંબર**
**RJKHL16000254**

| અનુક્રમ | આઈટમ | Value (in Rs.) |
|---|---|---|
| 1 | 1 તાળુ મારેલો લોખંડનો કબાટ | 200.00 |
| 2 | લાકડાનાં બે ટેબલ | 100.00 |
| 3 | લાકડાનાં 2 ટેબલ અને લાકડાનાં 6 નાના ટેબલ | 100.00 |
| 4 | વજન કાટાં અને સ્ટીલની 4 ખુરશી | 200.00 |
| 5 | ડાયનિંગ ટેબલની 6 ખુરશી | 600.00 |
| 6 | ડાયનિંગ ટેબલ | 500.00 |
| 7 | 4 સિલિંગ ફેન | 800.00 |
| 8 | BMW કાર | 35,000.00 |
| 9 | રેફ્રિજરેટર | 800.00 |
| 10 | શોકેસનો કબાટ અને 2 મોટર ટેબલ | 1,000.00 |
| 11 | ઈલેક્ટ્રિક ગીઝર અને ઈલેક્ટ્રિક સ્પાઈકર અને સીડીવાળુ ટેબલ | 1,000.00 |
| 12 | લોકર | 500.00 |
| 13 | ગેસનું સિલિન્ડર, ગેસ સ્ટવ, પ્લાસ્ટિકની ખુરશી, બેગ વગેરે પરચૂરણ વસ્તુઓ | 1,000.00 |
| | કુલ મૂલ્ય | 41,800.00 |
| | **વેચાણ મૂલ્ય** | 33,400/- |

**તારીખઃ** 22.04.2025
**સ્થળઃ** રાજકોટ

સહી/–
**અધિકૃત અધિકારી**
એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ વતી

# જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીના હસ્તે સુરત જિલ્લાની વિકાસ ગાથાને વર્ણવતી 'વિકાસ વાટિકા' પુસ્તિકાનું વિમોચન

## 'વિકાસ વાટિકા'માં વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન જિલ્લામાં વિવિધ વિભાગો દ્વારા હાથ ધરાયેલા વિકાસ કાર્યોનું આલેખન



જનાદેશ પ્રતિનિધિ, સુરત : સુરત જિલ્લાના વિકાસ કામોની ઝાંખી કરાવતી 'વિકાસ વાટિકા' પુસ્તિકાનું વિમોચન જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીના જિલ્લા સેવા સદન ખાતે કરવામાં આવ્યું હતું.જિલ્લા આયોજન અધિકારીની કચેરી દ્વારા સંકલિત અને પ્રાદેશિક માહિતી કચેરી-સુરત દ્વારા સંપાદિત તેમજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રકાશિત 'વિકાસ વાટિકા' પુસ્તિકામાં 'વિકાસ વાટિકા' પુસ્તિકામાં વર્ષ ૨૦૨૩-૨૪માં જિલ્લામાં વિવિધ વિભાગો દ્વારા હાથ ધરાયેલા વિવિધ વિકાસ કાર્યો તેમજ સિદ્ધિઓને આલેખવામાં આવ્યા છે. આ ઉપરાંત, સુરત જિલ્લાના સર્વાંગી વિકાસ માટે વિવિધ વિભાગો દ્વારા હાથ ધરાયેલી કામગીરી, સાફલ્યગાથાઓનું વિવરણ, જિલ્લાનો સંક્ષિપ્ત ઈતિહાસ, પ્રવાસન સ્થળો, સાંસ્કૃતિક વિરાસત, વિવિધ વિકાસકામોના લોકાર્પણ/ ખાતમુહૂર્ત અને પ્રગતિમાં રહેલા કાર્યો, વડાપ્રધાનશ્રી અને મુખ્યમંત્રીશ્રીના સુરત જિલ્લામાં યોજાયેલા કાર્યક્રમોની સચિત્ર માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે.સંયુક્ત માહિતી નિયામકશ્રી અમિત ગઢવી અને જિલ્લા આયોજન અધિકારીશ્રી આર.આર.ભાભોરના માર્ગદર્શનમાં પ્રકાશિત આ પુસ્તિકા સુરત જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો, વિવિધ ક્ષેત્રના અભ્યાસુઓ માટે ખૂબ જ ઉપયોગી પ્રકાશન તેમજ સંદર્ભગ્રંથ બની રહેશે. વિકાસ વાટિકાના વિમોચન પ્રસંગે વિકાસ અધિકારી શ્રીમતી શિવાની ગોયલ, નાયબ માહિતી નિયામકશ્રી યુ.બી.બાવીસા, સહાયક માહિતી નિયામકશ્રી એમ.એમ.વેકરીયા, સિનીયર સબ એડિટરશ્રી પરેશ ટાપણીયા, જિલ્લા વહીવટીતંત્રના અધિકારી- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સુરત નવી સિવિલમાં અમરનાથ અને હજ યાત્રીઓને ફિટનેસ સર્ટિફિકેટ માટે એક જ છત નીચે વ્યવસ્થા : સર્વધર્મ સમભાવ અને સમરસતાનું ઉત્તમ ઉદાહરણ

## ૧૦ દિવસમાં ૨૭૦૦ અમરનાથ યાત્રીઓ અને એક જ દિવસમાં ૩૫૦ હજ યાત્રીઓને ફિટનેસ સર્ટિફિકેટ ઇસ્યુ કરાયા





**માહિતી બ્યુરો-સુરત:સોમવાર:** ધર્મ અને આરોગ્ય સેવાનો સુમેળ સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં જીવંત થયો છે. પવિત્ર અમરનાથ યાત્રા અને હજ યાત્રા પર જનાર યાત્રીઓને અનુકૂળતા રહે અને ફિટનેસ ચેકઅપ માટે દોડધામ ન કરવી પડે તે માટે હોસ્પિટલ તંત્ર દ્વારા સૌ પ્રથમવાર એક જ સ્થળે એક છત્ર હેઠળ સ્વાસ્થ્ય ચકાસણીઓની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. બ્લડ પ્રેશર, ઈસીજી સહિતના તમામ જરૂરી રિપોર્ટ હવે યાત્રીઓને એક જ જગ્યાએ મેળવી શકાય છે.

સિવિલ હોસ્પિટલમાં મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. ધારિત્રી પરમારના માર્ગદર્શન હેઠળ ગત ૧૦ દિવસમાં અમરનાથ યાત્રા માટે ૨૭૦૦થી વધુ યાત્રીઓને અને માત્ર એક જ દિવસમાં હજ યાત્રા માટે ૩૫૦ યાત્રીઓને ફિટનેસ સર્ટિફિકેટ ઈસ્યુ કરાયા છે. સુરત શહેર-જિલ્લાના અંદાજે ૬,૫૦૦ યાત્રીઓ અમરનાથ યાત્રા માટે અને ૧,૬૯૮ યાત્રીઓ હજ યાત્રાએ જશે.

નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ અને ટ્રોમાના ઈન્ચાર્જ ઈકબાલ કડીવાલાએ સિવિલ તંત્રની વ્યવસ્થાની વિગતો આપી જણાવ્યું કે, રાષ્ટ્રનો વિકાસ સામાજિક સમરસતાથી થતો હોય છે. હજ અને અમરનાથ યાત્રીઓ એક છત્ર નીચે પ્રમાણપત્રો મેળવી રહ્યા છે, ત્યારે બંને વર્ગના યાત્રિકોને સુગમ અને સરળ યાત્રાની શુભકામનાઓ પાઠવી હતી.

આર.એમ.ઓ. ડો.કેતન નાયકે જણાવ્યું હતું કે, છેલ્લા ૧૦ વર્ષથી હજ અને અમરનાથ યાત્રીઓ માટે ફિટનેસ ચેકઅપની કામગીરી થઈ રહી છે, પરંતુ આ વર્ષે બંને યાત્રાઓ માટે એકસાથે વ્યવસ્થા કરવામાં આવી છે.

આ પહેલ માત્ર આરોગ્ય માટે નહીં, પણ સામાજિક કાર્ય માટે પણ મજબૂત પાયો પૂરો પાડે છે. હિન્દુ અને મુસ્લિમ યાત્રીઓ એક જ સ્થળેથી ચકાસણી કરાવી ધાર્મિક યાત્રા માટે તૈયાર થઈ રહ્યા છે, આ સમગ્ર પ્રક્રિયામાં કોમી એકતાનું ઉત્તમ ઉદાહરણ ઉભું થયું છે.

રાજ્ય વકફ બોર્ડના ચેરમેન મોહસીન લોખંડવાલાએ બંને સમાજના લોકોને પવિત્ર યાત્રા બદલ શુભેચ્છા પાઠવી હતી.

આ યાત્રા વ્યવસ્થામાં, હજ કમિટીના સભ્ય અકરમ શાહ, મેડિકલ ઓફિસર ડો. લક્ષ્મણ ટેહલાની, અમરનાથયાત્રા કમિટિના જગદીશ મેર, હજયાત્રા કમિટિના ઝહીરભાઈ હકીમસિંહ, જાવેદ ઝંઝા, જુનેદભાઈ, સલીમ મેમન, અલીભાઈ અને હમજી જરીવાલા સહિત હોસ્પિટલના અનેક કર્મચારીઓ સેવા આપી રહ્યા છે.

# ૧૬૭ - સુરત પશ્ચિમ વિધાનસભાના સક્રિય સદસ્ય ભવ્ય સંમેલન યોજાયું



**જનાદેશ પ્રતિનિધિ, સુરત** : ભારત સરકારના કેન્દ્રીય જળ શક્તિ મંત્રી અને ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી. આર. પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં ભાજપના ૪૬ માં સ્થાપના દિવસ નિમિત્તે ૧૬૭ - સુરત (પશ્ચિમ) વિધાનસભા સક્રિય સદસ્ય સમારોહ પાર્ટી પ્લોટ - યુફોરિયા હોટલ, પાલ, સુરત ખાતે યોજાયો.આ અવસરે ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય પૂર્ણેશભાઈ મોદી, પૂર્વ રાજ્યકક્ષાના કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશ, ભાજપના વટવૃક્ષ સમાન સુરત મહાનગર પાલિકાના માજી મેયર વરિષ્ઠ વડીલ ફકીરભાઈ ચૌહાણ, સુરત મહાનગર ભાજપના અધ્યક્ષ પરેશભાઈ પટેલ, ભાજપ સુરત મહાનગરના મહામંત્રી કાળુભાઈ ભીમનાથ, સુરત મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજનભાઈ પટેલ, પૂર્વ સૈનિકો,૧૬૭ - સુરત (પશ્ચિમ) વિધાનસભામાં સમાવિષ્ટ મહાનગર - જિલ્લાના પદાધિકારીઓ - કારોબારી સભ્યો, વોર્ડ - મંડલના પદાધિકારીઓ - કારોબારી સભ્યો - પ્રભારીઓ, કોર્પોરેટરો, પૂર્વ કોર્પોરેટરો, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્યો, વોર્ડ પ્રમુખ - મહામંત્રીઓ, મોટી સંખ્યામાં સાથી તમામ સક્રિય સભ્યો, પૂર્વ પ્રમુખો, પૂર્વ મહામંત્રીઓ અને સૌ દેવતુલ્ય કાર્યકર્તા મિત્રો ઉપસ્થિત રહ્યાં. ભાજપ વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી છે, જેની શક્તિ તેના તમામ કાર્યકર્તાઓ છે. ભાજપના સક્રિય કાર્યકરો એ પાર્ટીનો મજબૂત આધાર સ્તંભ છે. પાર્ટીની નીતિઓ, યોજનાઓ અને વિચારધારાને જનતા સમક્ષ પહોંચાડવામાં મુખ્ય ભાગ ભજવે છે અને જનતા જનાર્દનના કલ્યાણ માટે હંમેશા પ્રવૃત્તિશીલ રહે છે.કાર્યક્રમને સફળ બનાવવા બદલ સૌનો ખૂબ ખૂબ આભાર.

# કાશ્મીરમાં ફસાયેલા લોકોની મદદ માટે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હેલ્પલાઇન નંબર જારી

જનાદેશ રાજકોટઃ તાજેતરમાં કાશ્મીરના રામબન જિલ્લામાં વાદળ ફાટવાની ઘટના બનતાં ભારે વરસાદના પરિણામે નદીઓમાં પુર અને ભૂસ્ખલન થતાં જમ્મુ કાશ્મીરને જોડતા રસ્તાઓ બંધ થયા છે. જેના કારણે રાજકોટ જિલ્લાના ફસાયેલા પ્રવાસીઓની મદદે જિલ્લા વહીવટી તંત્ર આવ્યું છે. જમ્મુ કાશ્મીર ખાતે ફસાયેલા લોકોની જાણકારી માટે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હેલ્પલાઈન નંબરની સેવા શરુ કરવામાં આવી છે. ૦૨૮૧- ૨૪૭૧૫૭૩ આ હેલ્પલાઈન નંબરમાં ફસાયેલા લોકોનું નામ, સરનામું(અહીંનું અને ત્યાંનું પણ) તાલુકાનું નામ, ફોન નંબર (અહીં અને ત્યાનો) સહિતની વિગતો મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે.

# ડાંગમાં મનરેગાના કામોમાં મશીનરીનો ઉપયોગ થતા જવાબદાર અધિકારીઓ વિરૂદ્ધ એક જાગૃત નાગરીક દ્વારા ગુનો દાખલ કરાવવાની ચીમકી ઉચ્ચારી

જનાદેશ પ્રતિનિધિ, ડાંગઃ ડાંગ જિલ્લાનાં આહવા તાલુકામાં મનરેગા યોજના અંતર્ગત ગ્રામ પંચાયત કક્ષાએ ગામના લોકોને પોતાનાં ગામમાં જ રોજગારી મળે તેવા ઈરાદાથી ભારત સરકાર દ્વારા મનરેગા યોજના શરૂ કરી છે.જેમાં સરકાર દ્વારા કરાયેલ જોગવાઈ પ્રમાણે લોકો જેતે ગ્રામ પંચાયત પાસે કામ માંગશે અને ગ્રામ પંચાયત લોકોને સ્થાનિક કક્ષાએ રોજગારી પૂરી પાડશે.આ કાયદામાં એમ પણ જણાવેલ છે કે જમીન સપાટ કરવાના કામો અને એના જેવા બીજાં પણ કામોમાં કોઈ પણ પ્રકારની મશીનરી જેવીકે , ટ્રેક્ટર નો ઉપયોગ કરવાનો નથી જો જે.સી.બી કે અન્ય મશીનો નો ઉપયોગ કરવામાં આવે તો આ કાયદામાં જણાવ્યા મુજબએ ગૂન્હો બને છે. પરંતુ આહવા તાલુકા પંચાયતની ચિકટિયા ગ્રુપ ગ્રામ પંચાયતમાં આ નિયમોને સાઈડ પર મૂકીને ખોટા દરખાસ્તો તૈયાર કરી મસ્ટરો કાઢવામાં આવેલ છે. અને ત્યાર બાદએ શ્રમિકોની જગ્યાએ ડમી શ્રમિકોની ફાઈલ તૈયાર કરવા ફક્ત ફોટા પાડવા માટે જેતે કામની જગ્યાં ઉપર ઊભા કરવામાં આવેલ છે અને એ ફોટાઓ ફાઈલોમા મૂકવામાં આવ્યા છે.

**નામ બદલેલ છે**
મારૂ જુનું નામ **દિપેનભાઈ કરમશીભાઈ ધામેલિયા** હતું. જે બદલીને નવુ નામ **દિપેન કરમશીભાઈ ધામેલિયા** રાખેલ છે.
જેની સર્વો એ નોંધ લેવી.
**સહીઃ દિપેન કરમશીભાઈ ધામેલિયા**
**સરનામું : ફ્લેટ એ/૫૦૧, આંગણ રેસીડન્સી, આકૃતિ રેસિડેન્સની પાછળ, વેડ ગુરૂકુળ રોડ,કતારગામ, સુરત, ગુજરાત–૩૯૫૦૦૪**

**નામ બદલેલ છે.**
મારું જુનું નામ **આરેફા મકસુદ કાલયા** હતું જે નામ બદલીને નવું નામ **આરેફા મકસુદ કાલીયા** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
**લીઃ આરેફા મકસુદ કાલીયા**
**સરનામુંઃ** ૩૬૮, બંધારપાડા, સંજાણ બંદર,વલસાડ, પિન- ૩૯૬૧૫૦, ગુજરાત, ઈન્ડિયા

**નામ બદલેલ છે.**
મારું જુનું નામ **મકુદ ઈબ્રાહીમ કાલયા** હતું જે નામ બદલીને નવું નામ **મકસુદ ઈબ્રાહીમ કાલીયા** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
**લીઃ મકસુદ ઈબ્રાહીમ કાલીયા**
**સરનામુંઃ** ૩૬૮, બંધારપાડા, સંજાણ બંદર,વલસાડ, પિન- ૩૯૬૧૫૦, ગુજરાત, ઈન્ડિયા

**નામ બદલેલ છે.**
મારું જુનું નામ **કાલયા તરન્નુમ મકસુદ** હતું જે નામ બદલીને નવું નામ **તરન્નુમ મકસુદ કાલીયા** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
**લીઃ તરન્નુમ મકસુદ કાલીયા**
**સરનામુંઃ** ૩૬૮, બંધારપાડા, સંજાણ બંદર,વલસાડ, પિન- ૩૯૬૧૫૦, ગુજરાત, ઈન્ડિયા

**CHANGE OF NAME**
I HAVE CHANGED MY OLD NAME FROM **BHAPENDRA JITUBHAI RAJPUT & BHAPENDRA JITU RAJPUT** TO NEW NAME **JITUBHAI VIJAY RAJPUT & JITU VIJAY RAJPUT** & I WILL BE KNOWN AS MY NEW NAME WHICH PLEASE NOTE.
**SD: JITUBHAI VIJAY RAJPUT & JITU VIJAY RAJPUT**
**ADD:** H.NO, 98 MEDI FALIA VARKUND NANI DAMAN- 396210

**નામ બદલેલ છે.**
મારું જૂનું નામ **પરીતાબેન હર્ષદકુમાર આંકોલિયા** હતું જે નામ બદલીને નવું નામ **પરીતાબેન હર્ષદભાઈ આંકોલિયા** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
**લિ.: પરીતાબેન હર્ષદભાઈ આંકોલિયા**
**સરનામું :** ૩૫, આદિત્ય બંગ્લો, વિ.આઈ.પી સર્કલ પાસે, ઉત્રાણ, સુરત- ૩૯૪૧૦૫

**નામ બદલેલ છે.**
મારું જૂનું નામ **અઝીઝુન્નીશા ફારૂકમીયાં શેખ** હતું જે નામ બદલીને નવું નામ **અઝીઝુન્નીશા મોહંમદફારૂક શેખ** રાખેલ છે.
જેની સર્વે નોંધ લેવી.
**લિ.: અઝીઝુન્નીશા મોહંમદફારૂક શેખ**
**સરનામું :** ૪/૨૯૧૨, કસરે ગાઝી, ૧લો માળ, વીરમગામી મહોલ્લો, બેગમપુરા, સુરત, ગુજરાત- ૩૯૫૦૦૩

**નામ બદલેલ છે.**
મારું જૂનું નામ **ફારૂકમીયાં ઈબ્રાહીમ શેખ** હતું જે નામ બદલીને નવું નામ **મોહમ્મદફારૂક ઈબ્રાહીમ શેખ** રાખેલ છે.
જેની સર્વે નોંધ લેવી.
**લિ.: મોહમ્મદફારૂક ઈબ્રાહીમ શેખ**
**સરનામું :** ૪/૨૯૧૨, કસરે ગાઝી, ૧લો માળ, વીરમગામી મહોલ્લો, બેગમપુરા, સુરત, ગુજરાત- ૩૯૫૦૦૩

**નામ બદલેલ છે.**
મારું જૂનું નામ **શેખ મોહંમદસોહેલ ફારૂકમીયાં** હતું જે નામ બદલીને નવું નામ **શેખ મોહમદ સોહેલ મોહમદ ફારૂક** રાખેલ છે.
જેની સર્વે નોંધ લેવી.
**લિ.: શેખ મોહમદ સોહેલ મોહમદ ફારૂક**
**સરનામું :** ૪/૨૯૧૨, કસરે ગાઝી, ૧લો માળ, વીરમગામી મહોલ્લો, બેગમપુરા, સુરત, ગુજરાત- ૩૯૫૦૦૩

**નામ બદલેલ છે.**
મારું જૂનું નામ **મોઈન મહમંદયાસીન ચોટેરી** હતું જે નામ બદલીને નવું નામ **મોઈન મોહમદયાસીન ચોટેરી** રાખેલ છે.
જેની સર્વે નોંધ લેવી.
**લિ.: મોઈન મોહમદયાસીન ચોટેરી**
**સરનામું :** બી-૭૦૧, ટ્વીન હાઈટ્સ અલવિ રો હાઉસ પાસે, અડાજણ પાટીયા, સુરત- ૩૯૫૦૦૯

**નામ બદલેલ છે.**
મારું જૂનું નામ **મેવીશ મોઈન ચોટેરી** હતું જે નામ બદલીને નવું નામ **મેહવીશ મોઈન ચોટેરી** રાખેલ છે.
જેની સર્વે નોંધ લેવી.
**લિ.: મેહવીશ મોઈન ચોટેરી**
**સરનામું :** બી-૭૦૧, ટ્વીન હાઈટ્સ અલવિ રો હાઉસ પાસે, અડાજણ પાટીયા, સુરત- ૩૯૫૦૦૯

**નામ બદલેલ છે.**
મારું જૂનું નામ **ભીંગરાડિયા અરવિંદ ત્રિકમભાઈ** હતું જે નામ બદલીને નવું નામ **ભીંગરાડિયા અરવિંદભાઈ ત્રિકમભાઈ** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
**લિ.: ભીંગરાડિયા અરવિંદભાઈ ત્રિકમભાઈ**
**સરનામું :** ૬મો માળો, ફ્લેટ નંબર-૬૦૪, કિરણ કલાસીસ ટાવર, બિલ્ડીંગ-સી, નાની વેડ, કતારગામ, સુરત, ગુજરાત- ૩૯૫૦૦૪

**નામ બદલેલ છે.**
મારું જૂનું નામ **મકશુદ ઈસ્માઈલ રાજવાણી** હતું જે નામ બદલીને નવું નામ **મકસુદ રાજવાણી** રાખેલ છે.
જેની સર્વે નોંધ લેવી.
**લિ.: મકસુદ રાજવાણી**
**સરનામું :** ૩૦૧, પેરલ હાઈટ્સ, અલ્વી રો હાઉસ પાસે, ગોરાટ, ન્યુ કોઝવે રોડ, રાંદેર રોડ, સુરત

**નામ બદલેલ છે.**
મારું જૂનું નામ **રોશન મકશુદ રાજવાણી** હતું જે નામ બદલીને નવું નામ **રોશન મકસુદ રાજવાણી** રાખેલ છે.
જેની સર્વે નોંધ લેવી.
**લિ.: રોશન મકસુદ રાજવાણી**
**સરનામું :** ૩૦૧, પેરલ હાઈટ્સ, અલ્વી રો હાઉસ પાસે, ગોરાટ, ન્યુ કોઝવે રોડ, રાંદેર રોડ, સુરત

**નામ બદલેલ છે.**
મારું જૂનું નામ **અમીના અસલમ ભીમાણી** હતું જે નામ બદલીને નવું નામ **આમેના અસમલ ભીમાણી** રાખેલ છે.
જેની સર્વે નોંધ લેવી.
**લિ.: આમેના અસમલ ભીમાણી**
**સરનામું :** બી/૩૦૨, નૂરાની રેસિડેન્સી, અડાજણ પાટીયા રોડ, રાંદેર રોડ, સુરત

**નામ બદલેલ છે.**
મારું જૂનું નામ **મોહંમદ મુસ્તકીમ મોહદ મુનીર બેગાવાલા** હતું જે નામ બદલીને નવું નામ **મુસ્તકીમ મુનીર બેગાવાલા** રાખેલ છે.
જેની સર્વે નોંધ લેવી.
**લિ.: મુસ્તકીમ મુનીર બેગાવાલા**
**સરનામું :** ૩૦૧, ખદિજા ટાવર, ચિશ્તીયા ટાવર પાસે, અડાજણ પાટીયા, રાંદેર રોડ, સુરત

**નામ બદલેલ છે.**
મારું જૂનું નામ **આહીર લીલીબેન મહેશકુમાર** હતું જે નામ બદલીને નવું નામ **લીલીબેન મહેશભાઈ આહીર** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
**લિ.: લીલીબેન મહેશભાઈ આહીર**
**સરનામું :** ૫૪, વૃન્દાવન રો હાઉસ, પરવતગામ, ચોરાસી, સુરત, ગુજરાત- ૩૯૫૦૧૦